જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫૭ કેસ કરી, ૧૫૨ વ્યક્તિઓને ઝડપી, ૮૮૭ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૫ બિયર ટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૪૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૮૪/૨૦૨૫**

નારોલઃ રાજેશસિંગ બાદશાહા યાદવ (રહે. શ્યામસુંદરનગર જયેશ ફેક્ટરી પાસે નારોલ) એ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૨૫ થી તા.૨૯/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પહેલા માળની સીડીનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૪,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસિયા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૬૮૫/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ વટવા જીઆઈડીસી ફેઝ–૦૩ માં આવેલ માઈક્રા કેમીકલ લીમીટેડ કંપનીમાં કામ કરતા અને ત્યાંજ રહેતા દિલીપભાઈ બચુભાઈ દેહદા (ઉ.વ.૩૬) (મુળ વતન. બારીયા ફળીયુ દેવધા તા–ગરબાડા જી–દાહોદ) નાઓ તા.૨૯/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઈડીસી ફેઝ–૦૩ માં આવેલ માઈક્રા કેમીકલ લીમીટેડ કંપનીમાં પેકીંગ વિભાગમાં લોડીંગ લીફટમાં સામાન બીજા માળે ચડાવતા હતા ત્યારે લીફટમાંથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઇ.શ્રી રોશની રાજેશકુમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૮૬/૨૦૨૫**

આનંદનગરઃ હિરલબહેન વા/ઓ રાજુકુમાર તરાર (ઉ.વ.૨૦) (રહે. ગોપાલ આવાસ ઔડાના મકાન જોધપુર ગામ સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૫ કલાક ૦૯/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ શ્રી પુ.પો.સ.ઇ.શ્રી યુ.એચ.જાડેજા ચલાવે છે.

નરોડાઃ જ્યોત્સ્નાબહેન રમેશકુમાર રાઠોડ (ઉ.વ.૫૬) (રહે. ગજાનંદ વિલા સાહીત્ય એલીગન્સ સામે દહેગામ રોડ હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૨૯/૧૧/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પરમાર ચલાવે છે.

સરદારનગરઃ ગુડ્ડુકુમાર બાબુલાલ પાસવાન (ઉ.વ.૩૧) (રહે. દ્વારકેશ રો–હાઉસ પદ્માવતી સ્કુલ પાસે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૫ રાતના ૦૮/૧૫ થી તા.૨૯/૧૧/૨૦૨૫ કલાક ૦૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતિલાલ ચલાવે છે.

અમરાઈવાડીઃ દિવ્યાનીબહેન ઉર્ફે દેવ્યાનીબહેન તે હિતેષભાઈ પરાતેની વિધવા પત્ની (ઉ.વ.૪૯) (રહે. વલ્લભનિવાસ સ્ત્યનારાયણનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૧/૨૦૨૫ કલાક ૨/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ગોસાઇ ચલાવે છે.

ખોખરાઃ સ્મિતાબહેન સાયમનભાઈ રાઠોડ (ક્રિશ્ચયન) (ઉ.વ.૪૫) (રહે. ભાગ્યોદયનગર હાટકેશ્વર બસ ડેપો પાસે અર્બન હેલ્થ સેન્ટર પાછળ ખોખરા) એ બીમારીથી કંટાળી તા.૨૯/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સ્ટીલની સીડીના રેલીંગમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશસિંહ જીવણજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી